જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૯/૯/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૨૯૩/૧૪**

**ગેરકાયદેસર હથિયાર તથા કારતુસ નંગ-૬ સાથે એક ઇસમને ઝબ્બે કરતી એસઓજી ક્રાઇમ**

જેસીપી શ્રી એ.કે.શર્મા તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુક્લા ક્રાઇમ બ્રાન્ચ તથા એસીપી શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ તાજેતરમાં આવેલ આંતકવાદી ઇનપુટ અંગે તેમજ ગણેશ વિસર્જન અનુસંધાને અમદાવાદ શહેરમાં કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા સારુ તેમજ કેટલાક ઇસમો ગેરકાયદેસર હથિયારના ગુનાઓમાં અગાઉ પકડાયેલ હોઇ અને હાલમાં સક્રીય જણાતા હોઇ તેવા શખ્સોને શોધી કાઢવા તથા એસઓજીને લગતા હેડની કામગીરી કરવા સારું પોસઇ શ્રી કે.એચ.રાઠોડ નાઓ પોતાના સ્કોડના માણસો સાથે આજરોજ તા.૦૮/૦૯/૨૦૧૪ ના રોજ સઘન પેટ્રોલીંગમાં હતા. અને સ્ટાફના માણસો થકી મળેલ બાતમી હકીકત આધારે એક ઇસમ નામે જૈનુદ્દીન અમીર અંસારી ઉવ.૫૫ ધંધો: કપડાનું કલરકામ રહે, મોટા ચુનારાવાસની સામે, કબ્રસ્તાનની પાસે, નવાપુરા, વટવા, અમદાવાદ શહેર નાને વટવા બીબી તળાવ ચાર રસ્તા ખાતેથી એક દેશી બનાવટની રીવોલ્વર કિ.રૂ.૫૦૦૦/- તથા જીવતા કાર્ટીજ નંગ-૬ કિ.રૂ.૬૦૦ ની સાથે પકડી અટક કરી તેના વિરુધ્ધમાં હથિયારધાર મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે. ઉપરોકત ઇસમ અગાઉ નાર્કોટીક્સ ના ગુના સબબ ૧૨ વર્ષની જેલની સજા ભોગવી ચુકેલ છે તેમજ અગાઉ સને ૨૦૧૧ માં ક્રાઇમ બ્રાન્ચમાં બે ગેરકાયદેસર હથિયાર રાખવાના ગુનામાં પણ પકડાયેલ હતો. જે હથિયાર તથા કાર્ટીજ ક્યાંથી અને કોની પાસેથી લાવેલ છે તે બાબતેની આગળની વધુ તપાસ પોસઇ કે.એચ.રાઠોડ એસ.ઓ.જી. નાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.